Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૦ (ચાલુ) વીર સં. ૨૫૧૧
વિક્રમ સંવત ૨૦૪૧ માગશર

## પદ ૫૦

અનુભવ પ્રિતમ કૈસે મનાસી ।। અ૦
છિન નિર્ધન સધન છિન નિર્મલ, સમલ રૂપ બતાસી ।। અનુ૦ (૧)

સમતા મનમાં ઊંડો આલોચ કરીને કહે છે, "હે અનુભવ મિત્ર! મારા શુદ્ધ ચેતન સ્વામી કેવી રીતે મનાશે? મારાથી રીસાયેલો તે ચેતન વિભાવ દશામાં રમે છે. ક્ષણમાત્રમાં સાંસારિક દશામાં નિર્ધન થાય છે અને પુણ્ય યોગે ક્ષણવારમાં ધનવાન બની જાય છે; અર્થાત્ પાપ રૂપ મલ જેની અંદર નથી એવા શુભ પરિણામને ધારણ કરે છે. શુભ પરિણામથી પુણ્યનો બન્ધ થાય છે. અશુભ પરિણામથી પાપનો બન્ધ થાય છે, શુભ અને અશુભ પરિણામ વિષમ દશા છે, તેથી મારો સ્વામી સમદશારૂપ મારા ઘરમાં આવી શકતો નથી.

છિનમેં શક્ર તક્ર ફુનિ છિનમેં, દેખું કહત અનાસી ।
વિરજ ન વિચ્ચં આપા હિતકારી, નિર્ધન ઝુઠ ખતાસી ।। અનુ૦ (૨)

ક્ષણમાં મારો સ્વામી ઈન્દ્ર બને છે, અને ક્ષણમાં છાશ પીનારો ભરવાડ બને છે, ક્ષણમાં અનેક આશા ધારણ કરનારો બને છે. જ્યારે હું એનું શુદ્ધ

( અનુસંધાન ટાઇટલ પેજ ૨ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

પુસ્તક : ૮૨ ] ડીસેમ્બર : ૧૯૮૪ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સજ્ઝાય | — | ૧૯ |
| (૨) | દોહરા | રાયચંદ મગનલાલ શાહ | ૨૧ |
| (૩) | સતી સુરસુંદરી | પ. પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરિશ્વરજી મ. સા.ના શિષ્ય પૂ. મુનિરાજ દાનવિજયજી મહારાજ સાહેબ | ૨૩ |
| (૪) | વ્યસનોની વણઝાર | ડૉ. ભાઈલાલ એમ. બાવીસી | ૨૬ |
| (૫) | ૩૨મો સામાન્ય ધર્મ-ગુણ પક્ષપાત | અનુવાદક પા. આર. સલોત | ૨૮ |
| (૬) | જમીન બચાવવા સંસાર છોડાવ્યો | મુનિરાજ અરૂણવિજયજી | ૩૦ |
| (૭) | બહોત ગઈ થોડી રહી યાને ક્ષુલ્લકકુમાર | — | ૩૧ |
| (૮) | ચેતી લે તું પ્રાણીયા | પ. પૂ. આ. બુદ્ધિસાગરજી મ. સા. | ૩૪ |


( અનુસંધાન ટાઈટલ પેજ ૧ નું ચાલુ )

રૂપ દેખું છું ત્યારે તો આશા વિનાનો દેખાય છે. આવી આત્માની સ્થિતિ દેખીને, પંચ તરીકે વચ્ચે પડવાની જરૂર નથી, કારણ કે આત્માને હિતકારી આત્માજ છે, આત્માનો શત્રુ આત્મા છે. મારો સ્વામી જાગૃત થતાં, પોતાનુંજ હિત કરનાર છે. હાલ તો અશુદ્ધ પરિણતિના યોગો નિર્ધન બની જુઠાં ખાતાં ખતવે છે. પણ જ્યારે દુઃખના પાશમાં ફસાશે ત્યારે અશુદ્ધ પરિણતિના ઘરમાંથી મારા ઘેર આવવાનું મન કરશે.

વોહી તૂં મેરો મૈંહિ હું તેરી, અન્તર કાહેં જનાસી ।
આનન્દઘન પ્રભુ આન મિલાવો, નહિતર કરો 'ધનાસી ।। અનુ૦ (૩)

હે આત્મન્ ! તૂં ગમે તેવો છે તો પણ તૂં મારો છે. સ્વામિની દુઃખી અને નિર્ધન સ્થિતિમાં પણ સતી સ્ત્રી પોતાના સ્વામિનો ત્યાગ કરતી નથી. હે સ્વામિન્ ! તમારી હું છું, તમારા વિના મારા શરીરની રાખ થઈ જાય તો પણ અન્યની થવાની નથી. તૂં મારા અને તારા વચ્ચે કેમ ભેદભાવ જણાવે છે ? હે અનુભવ ! આનંદના સમૂહભૂત એવા આત્મપ્રભુનો મેળાપ કરી આપો. જો મેળાપ ન કરાવી આપો તો **ધનાસી** કરો-વિદાય થાઓ. તમારૂં કાર્ય ન બજાવી શકો તો મારી પાસે રહેવાનું શું કારણ છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ


તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત

વર્ષ : ૮૨ ]    વિ. સં. ૨૦૪૧ માગશર : ડીસેમ્બર-૧૯૮૪    [ અંક : ૨


## સજ્ઝાય

### ગુણસાગર ( કેવલી ભગવંત )

### દોહા

કૌતુક જોતાં બહુ ગયો, કાળ અનાદિ અનંત;
પણ તે કૌતુક જગ વડું, સુણતા આતમ શાંત. ૧

કૌતુક સુણતાં જો હુવે, આતમનો ઉપકાર;
વકતા શ્રોતા મન ગહ ગહે કૌતક તેહ ઉદ્ઘાર.

આવ્યા ગજપુર નયરથી, તિહાં વસે વ્યવહારીરે લોલ,
અહો તિહાં વસે વ્યવહારી રે લોલ,

રત્ન સંસય તસ નામ છે. સુમંગળા તસ નારી રે લોલ.
અહો સુમંગળા તસ નારી રે લોલ. ૧

ગુણસાગર તસ નંદનો, વિદ્યા ગુણનો દરિયો રે લોલ,
અહો વિદ્યા ગુણને દરિયો રે લોલ.

ગોખે બેઠો અન્યદા, જુએ તે સુખ ભરિયો રે લોલ ( અ૦ જુ૦ ) ૨

રાજપંથે મુનિ મલકતો, દીઠો સમતા ભરિયો રે લોલ ( અ૦ દી૦ )
તે દેખી શુભ ચિંતવે, પૂરણ ચરણ સાંભરિયો રે લોલ ( અ૦ પૂ૦ ) ૩

માતપિતાને એમ કહે, સુખિયો મુજ કીજે રે લોલ ( અ૦ સં૦ )
સંયમ લેશું હું સહી આજ્ઞા મુજ દીજે રે લોલ ( અ૦ અ૦ ) ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માત પિતા કહે નાનડા, સંયમે ઉમાહ્યો રે લોલ ( અ૦ સં૦ )
તો પણ પરણો પદ્માણી, અમ મન હરખાવો રે લોલ ( અ૦ અ૦ ) ૫
સંયમ લેજો તે પછી, અંતરાય ન કરશું રે લોલ ( અ૦ અ૦ )
વિનવે વાત અંગી કરી, પછી સંયમ વરશું રે લોલ ( અ૦ પ૦ ) ૬
આઠ કન્યાના તાતને, ઇમિ ભાખે વ્યવહારી રે લોલ ( અ૦ ઇ૦ )
અમ સુત પરણુવા માત્રથી, થાશે સંયમ ધારી રે લોલ ( અ૦ થા૦ ) ૭
ઇહ્યિ સુણી મન ચમકિયા, વર બીજો કરશું રે લોલ ( અ૦ વ૦ )
કન્યા કહે નીજ તાતને, આ ભવ અવર ન વરશું રે લોલ ( અ૦ આ૦ ) ૮
જે કરશે એ ગુણનિધિ, અમો તે આદરી શું રે લોલ ( અ૦ અ૦ )
સગી વૈરાગી હોય મેં, તસ આણા શિરે ધારશું રે લોલે ( અ૦ ત૦ ) ૯
કન્યા આઠના વચનથી, હરખ્યા તે વ્યવહારી રે લોલ ( અ૦ હ૦ )
વિવાહ મહોત્સવ માંડિયા, ધવલ મંગળ ગાવે નારીરે લોલ ( અ૦ ધ૦ ) ૧૦
ગુણસાગર ગિરૂએ હવે, વરઘોડે વર સોહે રે લોલ ( અ૦ વ૦ )
ચોરી માંહે આવીયા, કન્યાના મન મોહે રે લોલ ( અ૦ ક૦ ) ૧૧
હાથ મેળાવો હર્ષશું, સાજન જન સહુ મળિયા રે લોલ ( અ૦ સા૦ )
હવે કુમાર શુભ ચિત્તમેં ધર્મધ્યાન સાંભરિયાં રે લોલ ( અ૦ ધ૦ ) ૧૨

( ચાલુ )


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ લો** ( પૃષ્ઠ સંખ્યા–૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપિયા પાંત્રીશ.

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : ( સૌરાષ્ટ્ર )

**તા. ક.** : બહારગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( આત્મ જાગૃતિ કરતા અનુકુળ, પરમાત્મ ભક્તિ, વૈરાગ્ય ભાવ પ્રગટ કરવા, કંઠસ્થ કરવા જેવા, પાઠશાળા–ઉપાશ્રય તથા ઘરમાં દિવાલ ઉપર લખવા જેવા સંસ્કાર અને સદ્દગુણો પ્રાપ્ત કરવા જેવા સુંદર દોહરા )

સંપાદક : રાયચંદ મગનલાલ શાહ

## ( દોહરા )

અરિહંત અરિહંત સમરતાં, લાધે મુક્તિનું ધામ;
જે નર અરિહંત સમરશે. તેહના સરશે કામ. ૧

સૂતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીયાના દુઃખ ટાળશે, લહેશે સુખ અનંત. ૨

આશા કરો અરિહંતની, બીજી આશા નિરાશ;
જે જગમાં સુખિયા થયા, પામ્યા લીલ વિલાસ. ૩

ચેતન તેં ઐસી કરી, જેસી ન કરે કોય;
વિષય રસને કારણે, સર્વસ્વ બેઠો ખોય. ૪

રાત્રી ગમાઇ સોય કે, દિવસ ગમાયા ખાય;
હીરા જેસા મનુષ્ય ભવ, કવડી બદલે જાય. ૫

જો ચેતાય તો ચેતજે, જો બુઝાય તો બુઝ;
ખાનારા સહુ ખાઈ જશે, માથે પડશે તુજ. ૬

મુનિવર ચઉદ હજારમાં શ્રેણિક સભા મોઝાર;
વીર જિણંદ વખાણીયો, ધન્ય ધન્નો અણગાર. ૭

પખો તો પરખ્યો નહિ, દદ્ધો કીધો દૂર;
લલ્લા શું લાગી રહ્યો, નન્નો રહ્યો હજૂર. ૮

પરલોક સુખ પામવા, કર સારો સંકેત;
હજી બાજી છે હાથમાં. ચેત ચેત નર ચેત. ૯

જન્મ જરા મરણે કરી. ભરાયો આ સંસાર;
જે પ્રભુ આણ માનશે. તસ નહિ ભીતિ લગાર. ૧૦

નિંદા આળસ પરિહરી. કરજે તત્વ વિચાર;
શુભ ધ્યાને મન રાખજે, શ્રાવક તુજ અવતાર. ૧૧

જિનપૂજા જસ ઘર નહિ, નહિ સુપાત્રે દાન;
તે કેમ પામે બાપડા, વિદ્યા રૂપ નિધાન? ૧૨



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્હારૂં મ્હારૂં શું કરે, જગમાં ત્હારૂં કોણ ?
વિચાર કર પરલોકનો, ત્હારૂં થાશે કોણ ? ૧૩

શું લઈ આવ્યા સાથમાં, શું લઈ નીકળનાર ?
બાંધી મુઠી આવીઆ ખાલી હાથ જનાર. ૧૪

ક્રોડપતિ મૂકી ગયા, કોડી ન ગઈ તે સાથ;
હાથે તે સાથે થશે, બીજું મિથ્યા જાણ. ૧૫

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો ભેદ ?
તુજ સાથે શું આવશે, તપાસ તારો મેળ. ૧૬

ખાના પીના સોવના, મિલના વચન વિલાસ;
જ્યોં જ્યોં પાંચ ઘટાઈએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ. ૧૭

તન ધન સંપત સાહ્યબી, કોઈ ન આવે સાથ;
ઇશ્વર કે દરબાર મેં કોઇ ન આપે સાથ. ૧૮

રાજા રાણા છત્રપતિ, હાથિન કે અસવાર;
મરના સબકો એક દિન, અપની અપની બાર. ૧૯

આપ અકેલા અવતરે, મરે અકેલા હોય;
યું કબહું ઈસ જીવકો, સાથી સગા ન હોય; ૨૦

દલબલ દેઈ દેવતા, માત પિતા પરિવાર;
મરતી વેળા જીવકો, કોઈ ન રાખનહાર. ૨૧


**श्री हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् ( अष्टमोऽध्यायः )**

**શ્રી જૈન** આત્માનંદ સભાનું પ્રકાશન-૯૪મું રત્ન છે. સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે. પ્રાચીન પ્રાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે. જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25–00 Dolar 5–00 Pound 2–10

: પ્રાપ્તિસ્થાન :

**શ્રી આત્માનંદ સભા** ખારગેઈટ, **ભાવનગર.**




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




હપ્તો ૧૧ મો : ( ગતાંકથી ચાલુ )

એક મધુરમ્ ઉદ્યાનના મધ્યમાં આવેલ ભગવાનશ્રી ઋષભદેવ પરમાત્માનો ભવ્ય જિન પ્રાસાદ શોભી રહ્યો હતો. ચોમેર દીશાઓમાં ગુલાબ, ચંપો, રાતરાણી વગેર વિવિધ પુષ્પોની સુવાસ પ્રસરતી હતી. ક્યાંક ક્યાંક મોરલાઓ કળા કરીને નૃત્ય કરતા હતાં. આમ્રવૃક્ષો પર કોયલો ટહૂંકાર કરતી હતી. કોયલોના ટહૂંકારને કે....હું....કે....હું ના પ્રતિધ્વનીથી મોરલાઓ જવાબ વાળતાં હતાં તેનાથી ઉદ્યાનનું વાતાવરણ સૌમ્ય બન્યુ હતું. ભગવાનશ્રી ઋષભદેવના ભવ્ય પ્રાસાદનું ઉત્તંગ શિખર ગગનમંડળની સાથે વાતો કરતુ હોય તેવુ જણાતું હતું. આછા.... આછા....વાદળો શિખર પર લહેરાતી ધર્મ-ધ્વજાની સ્પર્શના કરી પાવન બની આગળ વધતા હતાં. મધુર વાયુના વિંઝણાથી વૃક્ષોની શાખાઓ હિલોળા લેતી હતી. ઉદ્યાનના સુવાસિત વાતાવરણ, અને ઋષભદેવ જિન પ્રાસાદનું વાતાવરણ મીશ્ર બનતા સોનામાં સુગંધ સમુ લાગતુ હતું. થોડીવાર થઈ ત્યાંતો હાથી, ઘોડા, રથ વગેરેના સમૂહની હજારોની સંખ્યાની હારમાળાને ઉદ્યાન તરફ જતી મેં જોઈ. આવો અભૂતપૂર્વ અને સુંદર દેખાવ જોઈને હું ક્ષણવાર તો સ્તબ્ધ બની ગયો. પણ...પણ.... આશ્ચર્ય અને આનંદ ભર્યા રંગમાં ભંગ પડયો.

એક મદોન્મત્ત હાથી ક્રોધે ભરયેલો લાલ આંખો કરી ભ્રકુટિ ચઢાવીને તોફાન મચાવતો હતો. જાણે કાળના વિકરાળ પંજાએ પોતાનું બાલીશ આક્રમણ છતુ કર્યું સુંઢને હવામાં વિંઝતો જાણે હમણા જે આવે તેને સપાટામાં લઈ લઉં. એ રીતે ઉતાવળે ઉતાવળે તે રથ પાસે દોડયો. તેણે રથની ઉપર જ્યાં સુંઢ ઉગામવાનો પ્રયત્ન કર્યો. ત્યાંજ હું ઉતાવળે ત્યાં પહોંચ્યો. અને મારા બુદ્ધિ બળના પરાક્રમે હાથીને હંકાવ્યો તે દુર ભાગી ગયો. રથમાંથી એક નવયૌવના ભયભ્રાંત બનેલી પાછળ પડેલા સિંહને જોઇ મૃગલીની જે દશા થાય તેવી દશા તે નવયૌવનાની બની હતી. રથમાંથી ઉછળીને કુદકો મારી જમીન પર પટકાઈ પડી. તેના દેહ પરનુ રૂપ અને લાલિત્ય ઝાંખુ પડી ગયું. આથમતા સૂરજની સંધ્યાએ જેવી લાલાશ પશ્ચિમ ક્ષિતિજ ઉપર દેખાય તેવી લાલાશ તેના મુખ ઉપર ભયની લાગણીને કારણે ઉપસી આવેલી નજરે પડતી હતી. તેના દેહ ઉપર રહેલુ ઝરીયામ વસ્ત્ર સરકી ગયું હતું. કાનના ચમકતા કુંડળો ખરી પડયાં હતાં. તે જમીન ઉપર નિશ્ચેષ્ટ પડી હતી. છતાં મુખ ઉપરથી લાલિત્ય નીતરતું હતું. મારી દૃષ્ટિ પડતાં જ હાથી પાસેથી હું તે યુવતીને બચાવવા દોડયો. તેની પાસે જઈને તેના હાથની નાડ તપાસી, નાડના ધબકારા જણાતાં જ મારા જીવમાં જીવ આવ્યો. બાજુનાં સરોવરમાંથી પાણી લાવી તેના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મસ્તક ઉપર છાંટયું, તેના મુખમાં ઠંડું પાણી પાયુ. અને સહેજ સળવળતાં જ મારા આનંદનો પાર ન રહ્યો. મને થયું કે હા...શ હવે બાજી આપણા હાથમાં છે. ધીમેથી તેને ઉપાડીને એક સ્વસ્થ સ્થાનમાં લાવીને સુવાડી. કરમાતું પુષ્પ ખીલી ઉઠે તેમ તેનામાં ચેતના શક્તિ જાગૃત થતાં જ મેં મારા ઉપચારો જાળવી રાખ્યાં. યુવતીએ આંખ ખોલી તીરછી નજરે મારી સામે જોઈને ફરી આંખો બંધ કરી છતાં તેના મુખ ઉપર નિર્ભયતાની સાથે સાથે સંતોષની લાગણી ઉભરાઇ આવી હતી. લજામણીના છોડને અડતાં જ પાંદડા બીડાઇ જાય તેમ તેની આંખો ખુલતાની સાથે જ મને જોઇને બીડાઇ ગઈ.

તેના અંતરના મનોમનના ભાવો ઉપર તરી આવતા હતાં તે મુખથી નહિ બલ્કે મનથી મારી સાથે વાત કરતી હોય નહિ? તેવુ લાગતુ હતું. ખરેખર મને બચાવનાર સમયસર ન આવ્યા હોત તો? મારૂ શું થાત એતો કલ્પતું જ રહ્યું? પણ....પણ.... હવે તો ભયની ભૂતાવળ ક્યાંય ચાલી ગઈ. અને અંતરથી આછા સ્મીત વડે મનોમન મુક્ત મને આભાર માનવા લાગી, પણ ખરૂ જોતા તો મને તેના વિવેક કે વિનયની જરૂર ન લાગી.

જુગજુગના જોગી સમા અને બંને પરિચિત હોઇએ તેવો અનુભવ થતો હતો આમ અન્યોન્ય અમે બંને એક બીજાને સમર્પિત થઇ ચુકયાં હતાં. યુવતીએ મારા હાથની વીંટી ક્ષણમાંજ બદલાવી નાંખી. આ રીતે અમો બંને વાતના વાતાવરણમાં ખોવાઇ ગયા હતાં. અચાનક અમારી સામે એક વૃદ્ધા આવીને ઉભી રહી તે યુવતીની ધાવમાતા હતી. લાગણી અને ભાવભરી આંખે ધાવમાતા મારી સામે જોઈ રહી. તેની આંખોમાં પણ મારા પ્રત્યેની અહોભાવનાના દર્શન થતા હતાં. અંતે એ ધાવમાતા બાળાને લઈ ચાલવા માંડી તેને જતા હું જોતો જ રહ્યો. બાળાએ પાછળ વળીને મારી સામે જોયું. તેનુ મુખ મૌન પણે તેની અંતર મહેચ્છાને વ્યક્ત કરતું હતું કે હું જાઉ છું. પણ મારૂ મન તમને સોંપું છું અને કલેવર લઈને જાઉં છું અ...લ ...વિ...દા...!મને ખાત્રી થઇ કે હું જીવીશ ત્યાં સુધી આ યુવતી મારા મન પટ પરથી નહિ વિસરાય.

પછી તો પેલો દુત આવીને કહેવા લાગ્યો કેમ ભાઈ હવે તો આપણે અહીંથી રવાના થઇશું ને? હું તો જાણે ઘેરા મીઠા સ્વપ્નમાંથી ઉઠયો હોઉ તેમ દુતે મને જગાડયો. મેં દુતને કહ્યું ભાઇ મારી એક વસ્તુ ખોવાઈ છે, તે હું ગોતી રહ્યા છું. દુતે કહ્યું ભાઇ! તમે જો મુદ્રિકા ગોતતા હોત તે તો પેલી યુવતી લઈ ગઈ છે. એમાં શોધવાનું શું છે? દુતે કહ્યું. મને થયુ કે મારી ખોવાયેલી વસ્તુ કઈ છે. તે આ દુત શું જાણે! અને મારાથી હાસ્ય છૂપાવી ન શકાયું અંતે તો દુત એ હાસ્યનો મારો મર્મ સમજી ગયો અને દુત રવાના થયો. મે આખો દિવસ અને રાત્રી બની ગયેલી ઘટનાના પુનરાવર્તનમાં વ્યતિત કરી. બીજે દિવસે સવાર થતાં શહેરની શોધમાં આગળ વધ્યો. ચાલતા ચાલતા એક નગરની નજદિક આવ્યો. રમણીય નગરની શોભા ન્યારી હતી. ઉંચી ઉંચી મહેલાતો ગગન મંડળની સાથે વાતો કરતી હતી. અને વિશાળ રસ્તાની બંને બાજુ સામ સામી વૃક્ષોની શોભા સુશોભિત લાગતી હતી. બંને બાજુ મોટી મોટી દુકાનો પણ નગરના જાહોજલાલીની ચાડી ફુંકતી હતી. જ્યાં જુઓ ત્યાં ખુશનુમય વાતાવરણ હતું. પણ અફસોસ! આવી વિશાળ અને સમૃદ્ધ નગરીના દ્વારે દ્વારે ઘુમી વળ્યો પણ કોઇ માનવને જોયો નહી. મને થયું આવી રળીયામણી નગરીમાં ક્યાંય પણ માનવમાત્ર દેખાતા નથી આમ કેમ? હું આશ્ચર્યભર્યા દૃષ્ટિએ રાજમાર્ગ પર જોતો રહ્યા. ભુત રડે ભેંકાર એવી નગરીને છોડી લક્ષ્મીદેવી પણ ચાલ્યા ગયાં હોય તેવી ઉજ્જડ લાગતી હતી, દેવ વગરનું મંદિર, માનવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વગરનું ઘર, અને રાજા-પ્રજા વગરની નગરીની શોભા મૃત્યુ સમી લાગે છે. ચાલતા ચાલતા હું ક્ષણવાર થંભી ગયો, મારી દૃષ્ટિ મેં ઝીણી કરીને જોયું તો સામેથી રડયો ખડયો એક માણસ મારી સામે આવીને ઉભો રહ્યો, તેને મારી શંકાનું નિવારણ કરવા મારા પ્રશ્ન પૂર્વે જ તેણે કહ્યું કે આ નગરના રાજા કનકપ્રભ રાજ્ય ઉપર સત્તા ચલાવતો હતો. પણ તે પોતાના ભાઈ જ્વલન-પ્રભને ચલિત કરવા ગયો ત્યાથી તેની પડતી શરૂ થઈ છે. ખાડો ખોદીને બીજાને પાડવા પ્રયત્ન કરનાર જ પોતે તે ખાડામાં પડે છે. તેવી કનકપ્રભની દશા થઇ છે. રાજ્ય છીન્ન ભીન્ન થઈ ગયું, આવેલ આગંતુકને મેં પૂછયું ભાઈ આવું શાથી બન્યું ? તેણે ઉંડો શ્વાસ લઈને વાત આગળ વધારી. ભાઇ ? શું કહું ! પણ છતાં સાંભળો !!! જ્વલનપ્રભ પોતાની સાધનામાં દૃઢ રહ્યો. કનકપ્રભનું કાર્ય સફળ ન થવાથી ધુવાકુવાં થતો ક્રોધના આવેશમાં ત્યાંથી પાછા ફરતાં વિવેક ભૂલ્યો અને તે જિનેશ્વર ભગવંતના મંદિરને ઓળંગીને આગળ વધ્યો. ત્યારથી તેની વિદ્યા સંપૂર્ણ લોપ થઈ, અને મંદિરને ઓળંગવાથી ધરણેન્દ્ર તેની ઉપર કોપાયમાન થયો. ઇન્દ્રથી બચવા કનકપ્રભ આ નગર છોડી ગંગાવર્ત નામના નગરના રાજા ગંધવાહનને શરણે ગયો છે રાજાના નાશી ગયા પછી આ નગરની પડતી થઈ અને નગરજનો પણ આ નગર છોડી આજુબાજુના દેશપ્રદેશમાં ચાલ્યા ગયા છે. મને તો તેની વાતમાં રસ ન હતો. કેવળ જાણવા ખાતર જાણી બાકી તો મારા મનની વ્યથા ભરી કથા તેને કયાં કહેવા બેસું. હું તો મારા હૃદયના થડકાર સમી રમણીના જ દર્શન કરવા આતુર હતો. પણ અહીં આવતાં જ સ્ત્રી પુરૂષ વગરના નગરને ખાલી જોઈ હું કોને પૂછું કે મારી રમણી કયાં છે ? મારા હૃદયને મેં ઘણી રીતે સમજાવ્યું પણ....પણ જે વસ્તુ મળી શકે તેવો સંભવ જ નથી તેથી મનને સમજાવવામાં જ ડહાપણ છે. તેવુ માન્યું છતાં મન અને મગજે મારા પર આક્રમણ કર્યું છે. તેથી હું પરવશ બન્યો છું.

પોતાની આખી બની ગયેલી ઘટનાને ચિત્ર-વેગ પાસે જણાવતા આગળ કહ્યું કે મારી પ્રિયાને ગોતવા વૈતાઢયની ઉત્તર શ્રેણિઓ અને દક્ષિણ શ્રેણિઓ આખી ખુંદી વળ્યો, પણ અંતે પત્તો ન લાગ્યો. કુંજરાવર્ત નગરના આ ઉદ્યાનમાં બેસીને મારી પ્રિયતમા વિશે વિચાર કરતો હતો અને તે સમયે કોણ જાણે કેમ....મારા કાર્યની સિદ્ધિ થવાની હોય તેમ મારા અંતરમાં શ્રદ્ધા પ્રગટી.

( ક્રમશઃ )


## શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન

શાશ્વતા તીર્થની ઉપાસના આવા પુનિત પુસ્તકના વાચન દ્વારા વિશેષ રીતે થઇ શકે છે. તેથી આ પુસ્તક દરેક ઘરે વસાવવા જેવું છે.

નવ્વાણુ યાત્રા કરનાર ભાગ્યવંતોને, વર્ષીતપ કરનાર તપસ્વીઓને, તેમજ શ્રી જૈન સંઘના શ્રાવકો અને શ્રાવિકાઓને પ્રભાવનામાં આપવા લાયક પુસ્તક છે. આ પુસ્તકમાં પુનિત તીર્થના પંદર ફોટાઓ છે કિંમત ફક્ત ૬-૦૦ રૂપિયા જે વ્યક્તિ સો કે સોથી વધારે પુસ્તક મંગાવશે તેમને દશ ટકા કમિશન આપવામા આવશે.

શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઇટ
ભાવનગર ( સૌરાષ્ટ્ર )




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિચારીએ—

# વ્યસનોની વણઝાર...........

( લે. ડૉ. ભાઇલાલ એમ. બાવીસી M. B. B. S. Fccp. પાલીતાણા )

વ્યસન એક જાતનો વળગાડ છે. જેમ ભૂત વળગે અને માણસ હેરાન-પરેશાન થાય છે, તેમજ વ્યસનો પણ માનવીને હેરાનગતી કરે છે. વ્યસનો માણસને તનથી, મનથી, અને ધનથી નુકશાનીમાં મૂકી દે છે. તનથી માનવી શરીરે નબળો પડી જાય છે. અનેક રોગો થાય છે, શરીર નબળું પડી જાય છે. પણ કોઈ કામ કરી શકવાની શક્તિ રહેતી નથી. જ્યારે વ્યસન હોય ( દારૂ, ભાંગ, બીડી ) તે વસ્તુ લે ત્યારેજ કામ સૂઝે છે. મનથી એવી નબળાઇ આવી જાય છે કે કોઈ કામ કરવાનું મન જ થતું નથી. જ્યારે જે વ્યસન હોય તે વસ્તુ લેવાથીજ મન સ્થિર થાય છે અને ધાર્યું કામ કરી શકે છે, અને મન ઠેકાણે આવે છે. ધન વિના તો કોઈ વ્યસન જ નભે નહિ પોતાની પાસેનો પૈસો ખર્ચો જ કરે છે. વ્યસની માણસની ઇજ્જત પણ હોતી નથી. પૈસો પોતાનો ( પોતાની પાસેનો ) ખર્ચાઈ જાય ત્યારે એ વ્યસનીને કોઇ પૈસા ઉછીના આપતું નથી કે માલ-વસ્તુ પણ ઉધાર આપતું નથી. એટલે એ ગરીબીમાંજ પગ ઘસી ઘસીને જિંદગી પૂરી કરે છે. એટલે માણસે દારૂ. ભાંગ કે બીડી અથવા વેશ્યાગમન જેવું વ્યસન કરવું જોઈએ નહિ. પરંતુ સત્સંગ કરવો, સારા પુસ્તકો વાંચવા, સદાચારી સાથે ફરવું-હરવું જોઈએ, અથવા કંઈ ન બને તો ધર્મક્રિયા કરવી. અને તોજ આત્મા પરમાત્મા બની શકે કે સત્પથે વળે. આ બાબત અમારા 'સામાયિક મંડળ'માં ચર્ચાતા પં. શ્રી કર્પુરચંદભાઇએ વ્યસનોથી થતી ખુવારી અને એક પછી બીજું વ્યસન કેમ થાય છે, એ દૃષ્ટાંત આપી સમજાવ્યું—

રાજગૃહિ નગરીમાં એક શ્રીમંત શેઠને પોતાના ન્હાના ઠિકરાને મદદ કરવા એકાદ નોકર રાખવા વિચાર્યું, આજકાલ તો આપણે જાણીએ છીએ કે અખબારોમાં (જાહેર-ખબર) આપ્યા વિના સાલતું નથી. એટલે તે શેઠ એક અખબારમાં 'જાહેર-ખબર' છપાવી કે "એક હોશિયાર ને ચાલાક નોકર જોઈએ છે જે પેઢી સંભાળી શકે."

બીજે દિવસે ત્હેના (જાxખ) જવાબમાં એક માણસ આવ્યો ને કહે કે- 'શ્રીમાન, આપની જાહેર-ખબર વાંચી, નોકરીના ઉમેદવાર તરીકે આવ્યો છુ, ગરીબ માણસ છું. રાખો તો કૃપા થશે.'

'ત્હમને કોઈ વ્યસન છે? કારણ વ્યસનો તરફ મ્હને નફરત છે'

'હા જી, કોઈ વાર એકાદ એલચી લઉં છું.'

'ઈલાયચી એ તો મુખવાસ ગણાય. એમાં કાંઇ વાંધો નહિ. ઈલાયચી આખો દિવસ ખાઓ છો કે કોઇ વખત?

'ના જી, આ તો કોઇ વખત કડક ભાંગ પીધી હોય ત્યારે જ મોઢું સાફ કરવા લઉં છું.

'ત્યારે ત્હમે કડક ભાંગ પણ પીઓ છો? બીજું કાંઈ વ્યસન છે?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'ના જી, કોઈ વાર કડક બીડી કે સીગારેટ પીધી હોય ત્યારે દેશી દારૂ કે ઈંગ્લીસ વાઇન (Englihs wine) પીધો હોય ત્યારેજ ઠીક રહે છે.'

'હેં? ત્યારે ત્હમે દારૂ કે વાઇન (wine) પણ પીઓ છો.'

'શ્રીમાન્, હું તો ગરીબ માણસ છું' પાસે પૈસો તો હોય કયાંથી પણ એક વાર 'તીન-પત્તી' રમતાં પીસ્તાલીશ રૂપીયા જીત્યો હતો. એટલે એક મિત્રની સોબતથી એમ થયું કે પૈસો તો છે એટલે લાવને એકાદ ગુણિકાને ત્યાં નાચ-ગાન માટે જાઉં! કારણ કે 'નાણું મળશે પણ ટાણું નહિ મળે' એમ વિચારી એની સાથે એક ગુણિકાને ત્યાં ગયો. ત્યાં શરૂઆતમાં દારૂ (શરાબ) ની પ્યાલીથી વાત હોય છે, મ્હેં હાથ જોડીને કહ્યું, 'હું દારૂનો વિરોધી છું, એટલે મ્હને માફ કરો' શરબત હોય તો લઈશ.

પેલો મિત્ર ગુસ્સે થયો અને કહે કે 'ત્હું ન પીએ તો મ્હારી મજા પણ મારી જશે. ત્હું ન પીએ તો ત્હારા મા-બાપના સોગંદ' એમ સોગંદ દઈ મ્હને પરાણે દારૂ પાયો. પછી તો તબીયત એવી ખુશખુશાલ થઈ કે બાજી ત્રણ-ચાર પ્યાલી પી ગયો.'

'ત્યારે ત્હમે ગુણિકાને ત્યાં જાઓ છો અને દારૂ પણ પીઓ છો! અને નાચ-ગાનમાં પણ મઝા આવી.'

કેફમાં આવી ગયો એટલે એક ખીસ્સુ કાતર્યું. પણ લોભમાં ને લોભમાં બીજું પણ કાતરવા ગયો ત્યાં લોકોએ મ્હને પકડી પાડયો અને જેલમાં નાખ્યો.'

'ભાઈશ્રી ત્હમે તો ગજબના નિકળ્યા, અને વ્યસનોનાં તો ભંડાર છો. ત્હમારા જેવા માણસ અમારે પાલવેજ નહિ, છતાં પણ હવે રાખવા-નરાખવા એ ટપાલથી જણાવીશ.'

અને ઉમેદવાર ગયા એટલે શેઠ વિચારમાં પડયા, કે- માણસ વિચાર તો જ નથી. વ્યસન યતું કે એક પછા એક એની વણઝાર ચાલુ રહે છે.

પછી તો શેઠશ્રીએ ઉમેદવારને ટપાલમાં લખી નાંખ્યું કે- ત્હમારા જેવા વ્યસનીનું મ્હારે કામ નથી, 'કદાચ ત્હમારી સોબતથી મ્હારો નાનો દિકરો પણ બગડે.'

---

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

તંત્રી.

---

હે ભવ્યાત્મન્! તું જરા જો તો ખરા! કે-આ સંસાર-કુવામાં રહેલ કાળ અરઘટ્ટને સૂર્ય-ચંદ્રરૂપ બળદ નિરંતર ફરવે-ઘુમાવે છે. તેથી દિવસ-રાત્રિ સ્વરૂપ ઘટમાળ દ્વારા વિશ્વમાં રહેલા જીવોનું આયુષ્ય-જલ ધીમે ધીમે ઉલેચાતુ જ જાય છે તો જ્યાં સુધીમાં ત્હારૂં આયુષ્ય-જલ સંપૂર્ણ ઉલેચાયું નથી ત્યાં સુધીમાં શ્રી જિનેશ્વર પ્રભુની સેવા-ભક્તિ કરી પુણ્યની કમાણી કર!!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ૩૨મો સામાન્ય ધર્મ-ગુણપક્ષપાત

( હિન્દી )

અનુ. પી. આર. સલોત

પરમ કૃપાનિધિ મહાન શ્રુતધર આચાર્યશ્રી હરિભદ્રસૂરિએ સ્વરચિત **'ધર્મબિન્દુ'** ગ્રન્થના પ્રથમ અધ્યાયમાં ગૃહસ્થ જીવનના સામાન્ય ધર્મોનું પ્રતિપાદન કર્યું છે. જો ગૃહસ્થ સામાન્ય ધર્મોનું સુચારૂ રૂપથી રહે તો વાસ્તવમાં ભારતીય સંસ્કૃતિ જીવંત બને.

૩૨ મો સામાન્ય ધર્મ 'ગુણપક્ષપાત' છે, હંમેશ ગુણોનો પક્ષ લેવો અને ગુણોનાં પક્ષમાં રહેવું. ભલે પોતાનામાં ગુણ ન હોય પણ બીજાના ગુણોના પક્ષમાં રહેવું.

તે માટે નીચેનું દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે.

રેવા નદીના કિનારા ઉપર રાવણ અને રાજા સહસ્રકિરણનું ભયાનક યુદ્ધ ખેલાયું. રાવણની જીત થઇ. પણ યુદ્ધમાં સહસ્રકિરણનું અદ્‌ભુત પરાક્રમ દેખી રાવણ મુગ્ધ બન્યો. સહસ્રકિરણને રાવણે બંદી બનાવ્યો. પરંતુ આકાશ માર્ગેથી એક મહામુનિ રાવણની છાવણીમાં પધાર્યા, અને રાવણને માલુમ પડયું કે તે મહામુનિ સહસ્રકિરણના પિતા છે. ત્યારે રાવણે તેને તુરતજ બન્ધન મુક્ત કર્યો. રાજસભામાં તેના પરાક્રમની પ્રશંસા કરી. તેને પોતાનો ભાઈ બનાવી, તેનું રાજ્ય પાછું સોંપ્યું અને જાહેર કર્યું; "તૂં મારો ભાઈ છે અને બીજું રાજ્ય પણ માગી લે. તૂં જે રાજ્ય માગશે તે હું તને અવશ્ય આપીશ." ત્યારે સહસ્રકિરણે કહ્યું, લંકાપતિ! હવે મને રાજ્ય પ્રત્યે કોઈ મોહ નથી. સંપત્તિનો મોહ નથી. મારૂં મન સંસારના વૈભવ પરથી ઉઠી ગયું છે. મારા સદ્દનશીબે મહામુનિ અત્રે પધારેલ છે, હું તેમના ચરણોમાં જીવન સમર્પિત કરીશ." શ્રમણ બની આત્મ-કલ્યાણની સાધના કરીશ. કર્મ-બંધન તોડવાનો પુરૂષાર્થ કરીશ.

સહસ્રકિરણની વૈરાગ્યપૂર્ણ વાણી સાંભળી રાવણ સ્તબ્ધ બની ગયો. રાવણનું હૃદય ગદ્‌ગદ્ બની ગયું. રાવણની આંખોમાં હર્ષના આંસૂ ઉભરાયા, રાવણે ભાવપૂર્વક તેના ગુણોની પ્રશંસા કરી. સહસ્રકિરણે પોતાના પિતાના ચરણોમાં શ્રમણત્વ અંગીકાર કર્યું.

જો કે રાવણના જીવનમાં ત્યાગ-વૈરાગ્ય હતા નહિ, પરંતુ ત્યાગ-વૈરાગ્ય પ્રત્યે શ્રદ્ધા અવશ્ય હતી. પ્રેમ હતો, આદર હતો. તેથી તેના સમગ્ર જીવનમાં કોઈ સ્થળ પર ત્યાગ-વૈરાગ્ય પ્રત્યે અનાદર કે તિરસ્કાર જોવા મળતા નથી. રાવણમાં ગુણાનુરાગનો વિશિષ્ટ ગુણ હતો.

## દ્વિતીય દૃષ્ટાંત

રવીન્દ્રનાથ ટાગોરનું નામ આપે સાંભળ્યું હશે. તેમના પિતા દેવેન્દ્રનાથની એક ઘટના છે. તેમાં **'સૌજન્ય ગુણ'** કોને કહેવાય, તે આપને માલુમ પડશે.

દેવેન્દ્રનાથના પિતાજી દ્વારકાનાથ ઠાકુર કલકત્તાનાના પ્રસિદ્ધ વ્યાપારી હતા. અને જમીનદાર હતા. તેઓ વ્યવહારદક્ષ પુરૂષ હતા. તેમણે પોતાના જીવન દરમિયાન વંશપરંપરાગત સંપત્તિનું એક અલગ ટ્રસ્ટ કરેલ.

તેમનું મૃત્યુ થયું. તેમની વ્યાપારી પેઢીમાં ૩૦ લાખ રૂપિયાની ખોટ આવી. પેઢીના મેનેજર



For Private And Personal Use Only

જે અંગ્રેજ હતા તેણે લેણદારોને બોલાવી કહ્યું, "અમારી પેઢીનું કર્જ એક કરોડ રૂા. છે. અને ૭૦ લાખ રૂા. લેણા છે. ૩૦ લાખ રૂા નું નુકશાન છે. પેઢીના માલિક પોતાની પૂરી સંપત્તિ, જમીન વગેરે વેચીને પણ કર્જ ચૂકવવા માંગે છે. આપ પેઢીનું લ્હેણું-દેવું તપાસો. જમીનદારીના હક પણ લઇલો-આપનું જે જે લેણું હોય તે લઇલો. પરંતુ એક ટ્રસ્ટની જે સંપત્તિ છે તે પર આપનો કોઈ અધિકાર લાગશે નહિ."

દેવેન્દ્રનાથ ત્યાં હાજર હતા. ભારતીય સંસ્કૃતિના સંસ્કાર ગયા ન હતા. "મારા ધર્મનું ફરમાન છે કે જે સુપુત્ર હોય તે પિતાનું ઋણ ચુકવે છે. મારે પણ પિતાજીનું ઋણ ચુકવવું છે." તેમણે લેણદારોને કહ્યું, "આપને ગોર્ડન સાહેબે કહ્યું કે આપ અમારી ટ્રસ્ટ સંપત્તિ પર અધિકાર નહિ કરી શકો, તે વાત કાયદા નીદૃષ્ટિએ ઠીક છે. છતાં અમે ટ્રસ્ટને ખત્મ કરાને પણ તે સંપત્તિ આપ લોકોને દેવા માટે તૈયાર છીએ પિતૃ-ઋણથી અમારે મુક્ત થવુ છે."

લેણદારો દેવેન્દ્રનાથની વાત સાંભળી સ્તબ્ધ બની ગયા. ૩૦ વર્ષના યુવાન દેવેન્દ્રનાથની આદર્શનિષ્ઠાથી અત્યન્ત પ્રભાવિત થયા. કેટલાક લેણદારોની આંખોમાંથી આંસૂ વહેવા લાગ્યા. દેવેન્દ્રનાથના સૌજન્યે લેણદારોમાં પણ સૌજન્યનો દીપક પ્રગટાવ્યો. તેઓએ દેવેન્દ્રનાથની સંપત્તિનું નીલામ ન કર્યું. પરંતુ પેઢીનો કારોબાર પોતાના હાથમાં લીધો અને પેઢીને વ્યવસ્થિત કરી. દેવેન્દ્રનાથને દર વર્ષે અઢી હજાર રૂા. દેવાના નક્કી કર્યા. ત્યારપછી પેઢી પણ તેમને સોંપી દીધી.

લોકોએ દેવેન્દ્રનાથના સૌજન્યની પ્રશંસા કરી અને લેણદારોના સૌજન્યને પણ વખાણ્યું.

## તૃતીય દૃષ્ટાંત

પુરાણા સમયની ઘટના છે.

ઈટાલી (યૂરોપ) દેશની રાણી માર્ગરેટ પોતાના નોકરો સાથે આલ્પસ પર્વત પર ચઢી રહી હતી. રસ્તામાં વાયુ-ઝંઝાવાત શરૂ થયું. રસ્તામાં આલ્પાઈન કલબનો એક નાનો બંગલો હતો. રાણી નોકરો સાથે આ બંગલામાં આવી પહોંચી. તેમને જોઈને, બંગલામાં જે માણસો હતા તેઓએ બહાર જવાની તૈયારી કરી, રાણીએ કહ્યું, "આ આફત આપણી સહુ ઉપર આવી છે. આપ સહુ મારા દેશમાં અને આ બંગલામાં મારા મહેમાન છો. આપણા સહુને બેસવાની જગા નહિ મળે તો સહુ ઉભા રહેશું. પરંતુ રહેશું સહુ સાથે. ઈશ્વરે મને રાજસિંહાસન આપ્યું છે-ઉચ્ચપદ આપ્યું છે તો આ સમયે મારે સજ્જનતા બતાવવી જોઈએ"

ત્યાં ઉપસ્થિત રહેલ દેશ-વિદેશના લોકો હર્ષ-વિભોર બની ગયા. રાણીના સૌજન્યની તારીફ કરવા લાગ્યા. રાણીના મૃત્યુ પછી પણ ઈટાલીની પ્રજા તેના ગુણને ભૂલી નહીં.

"અરિહંત"ના સૌજન્યથી

---

હે જીવાત્મન્! તું જરા સાવધન થઈને જો તો ખરો કે-આ વિશ્વમાં જે પ્રાણીને કાળ-સર્પે ડંખ દીધો છે તેને જીવાડવા માટે એક ધર્મ સિવાય બીજું કોઇ પણ ઔષધ મંત્ર, તંત્ર કે કળા સફળ થતા જ નથી અરે! આજનું વિજ્ઞાન પણ નિષ્ફળ જ છે! માટે ત્હારે જો અજર-અમર પદ મેળવવું હોય તો ધર્મ જ કર!!!

હે આત્મન્! જ્યારથી ત્હારો મનુષ્ય રૂપે જન્મ થયો. ત્યારથી જ આ યમરાજા ત્હારા શરીરના પડછાયા રૂપે ત્હારી પાછળ જ પડયો છે અને તું કંઈક અપરાધ કરે તેટલી જ રાહ જોઇ રહ્યા છે. માટે સાવચેત રહીને સદાચારને માર્ગે ચાલ, અને ધર્મરાજનું શરણું સ્વીકાર કે જેથી યમરાજા ત્હને કંઈ જ ન કરી શકે !!!

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જમીન બચાવવા સંસાર છોડાવ્યો

લે. મુનિરાજ અરુણવિજયજી

બ્રિટીશરોના શાસનમાં ઉત્તર પ્રદેશના એક જમીનદારની બધીજ જમીન સરકારે લેવાની તૈયારી બતાવી. જો જમીનદાર જીવતો રહે તો બધીજ જમીન જાય તેમ હતી. જમીનદારે આપત્તિમાંથી બચવા લોકમાન્ય ટિળકને પોતાનો કેસ સોંપ્યો.

ટિળકે તેને સમજાવ્યો : જો તૂં સિવિલ-ડેથ સ્વીકારે તો તારી જમીન બચી જાય.

પણ સર ! આ હું સમજી શકતો નથી. હું મરી જાઉં અને જગ્યા બચે, અરે ! આ કયો ન્યાય ? ટિળકે કહ્યું, "ના એમ નહીં, કોર્ટની ભાષામાં સંન્યાસ લેવાને "સિવિલ ડેથ" કહેવામાં આવે છે. માટે જો તમે સંસાર છોડો, સન્યાસી થઈ જાઓ તો તમારી જગ્યા બચી જાય. તો સરકાર તમારી જમીન જપ્ત કરી ન શકે.

અને ટિળકે તેને સન્યાસ અપાવ્યો. પેલાએ સંન્યાસ લીધો. હવે અસીલ ન હોવાથી પોતાના વારસદાર છોકરાઓ કાયમ માટે જમીનના માલિક બન્યા. પરંતુ અસીલ તો સન્યાસ સ્વીકાર્યો, છૂટી ગયો. આ સંસારથી સદાને માટે બચી ગયો-આ સંસારની સળગતી રાગ દ્વેષની હોળીથી. સંસાર છોડવા માટે ધન-ધાન્ય, જગ્યાં-ઘર, બાગ-બગીચા બંગલા બધુંજ છોડવું પડશે.

'ભાવના ભવ નાશિનિ'

---

"ગયા અંકનો સુધારો"

## શ્રી ઘોઘા તીર્થયાત્રાનું આયોજન

અઢી હજાર રૂા. ની રકમ અનામત ફંડમાં આપનાર દાતાઓના નામ નીચે પ્રમાણે છે.

(૧) શેઠશ્રી કાન્તિલાલ લવજીભાઈ તથા સ્વ. પદ્માબેન કાન્તિલાલ
(૨) શેઠશ્રી ખીમચંદ પરશોતમદાસ બારદાનવાળા તથા હરકોરબેન જેરામ
(૩) કુસુમબેન રમણિકલાલ સંઘવી તથા પદ્માબેન રસીકલાલ સંઘવી.
(૪) શેઠશ્રી રતિલાલ ગોવિંદજી શાહ તથા વસંતબેન રસિકલાલ શાહ
(૫) લક્ષ્મીબેન માણેકચદ નાણાવટી હ. રમણિકલાલ માણેકચંદ નાણાવટી

ઉપર્યુક્ત દાતાઓને અભિનંદન પાઠવીએ છીએ, અને શુભ કાર્યની અનુમોદના કરીએ છીએ.

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.

---

હે ચેતન ! જરા આ તરફ જો ! આ પૃથ્વી વાસ્તવમાં કમળ જ છે શેષનાગ એ કમળ - નાળ છે. દિશા-વિદશા એ આઠ પાંખડીઓ છે. પર્વત-શિખર એ કેશરાઓ અને જીવાત્માઓ ખરેખર પરાગ પરિમલ છે.

જીવાત્મા સ્વરૂપ પરાગને કાળરૂપ ભમરો નિરંતર ચુસી જ રહેલ છે તો જ્યાં સુધીમાં તું સંપૂર્ણતયા ન ચુંસાઈ જા ત્યાં સુધીમાં આત્મહિતકર ધર્મ આરાધ !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બહોત ગઇ થોડી રહી
## યાને
## ક્ષુલ્લકકુમાર

સાકેતપુર નગરના રાજમહેલના સામેના ચોગાનમાં નર્તકીનો સુંદર નાટારંભ થતો હતો. રાજા, પ્રધાન અને પ્રજાજનો પોતપોતાની યોગ્યતા પ્રમાણેના સ્થાને બેઠા હતા.

આ નાટારંભમાં માણસો તો ઘણા હતા, પણ તે બધામાં એક યુવાન નર્તકી મુખ્ય હતી. આ નર્તકી સંગીત ગાય ત્યારે માણસો તેના સંગીતના પદને બોલી માથું ધુણાવતા હતા. તે નાચ કરે ત્યારે પ્રેક્ષકો તેની સાથે ઊંચા નીચા થઈ નાચ કરવાનો દેખાવ કરતા હતા. નર્તકીએ સભાને રંજન કરવા વિવિધ પ્રયોગો ભજવ્યા છતાં તે પ્રયોગથી ન ધરાયો રાજા કે ન ધરાયા પ્રજાજનો.

શિયાળાની મોટી રાત. તેણે લોકોને રંજન કરવામાં ઘણીખરી પસાર કરી, હવે તેના પગ દુઃખતા હતા, ગળું સુકાતું હતું, તેની આંખ કંઈક ઘેરાતી હતી. નર્તકીની વિચક્ષણ માતા આ વાત જાણી ગઈ, તેથી તેણે પુત્રી ભૂલેચૂકે હવે થોડા વખત માટે પ્રમાદ કરી, તેનું સંગીત બગાડી ન નાંખે તે માટે એક સુકત બોલી.

સુઠ્ઠુગાઈયં સુઠ્ઠુવાઇયં સુઠ્ઠુનચ્ચિયં
સામ સુંદરિ ।
અણુપાલિય દીહરાઇયં ઉસુમિણંતે
મા પમાયએ ॥

"હે સુંદરી! તે બહુ સારું ગાયન કર્યું, ઘણું સારું વગાડ્યું અને સારી રીતે નૃત્ય કર્યું. એ રીતે આખી રાત પસાર કરી. હવે થોડા માટે તૂં પ્રમાદ કરી બગાડીશ નહિ."

આ સુકતની ખૂબ જાદુઇ અસર થઈ. સાધારણ રીતે નિયમ તો એવો હોય છે કે નાટકીયાઓને સૌ પ્રથમ રાજા દાન આપે. પછી બીજા પોતાની શક્તિ મુજબ દાન આપે. પણ આ નાટક જોનાર-માંથી કોઈ એક અજાણ્યો યુવાન ઉભો થયો, તેણે આગળ આવી પોતાની લાખ રૂપિયાની કંબલ નર્તકીને ભેટ ધરી.

લોકોએ તાળીઓના અવાજે તેને પ્રોત્સાહન આપ્યું. આ યુવાન પોતાને સ્થાને બેસે ત્યાં તો રાજકુમાર ઉભો થયો, તેણે પોતાના રત્ન જડિત કુંડળો નર્તકી તરફ ફેંકયાં. પ્રજાએ જોરથી તાળીઓ પાડી. નર્તકીના નૃત્યને ઉત્તેજન આપ્યું.

રાજકુમાર બેઠો કે તરતજ રાજ્યના મુખ્ય મંત્રીએ એક લાખની કિંમતનું મુદ્રારત્ન નર્તકીને આપ્યું. આ પછી એક શેઠની સ્ત્રીએ એક લાખ રૂપિયાનો રત્નનો હાર આપ્યો. હાથીના માવતે પોતાનો અંકુશ ભેટ આપ્યો.

રાજા શાણો હતો અને વિચારવંત હતો. તેથી હવે વધુ મર્યાદા ભંગ ન થાય માટે પોતાનું મોટું ઈનામ નર્તકીને આપી રાજમર્યાદા સાચવી લીધી પછી તેણે સૌ પ્રથમ ભેટ આપનાર પેલા અજાણ્યા યુવાનને પૂછ્યું,

"યુવાન! તને એવો શાથી ઉત્સાહ આવી ગયો કે ગામનો રાજા કાંઈ ભેટ આપે તે પહેલાં તૂં ભેટ આપવા ઉછળી પડયો?"

યુવાન બોલ્યો રાજન્! આની પાછળ મારી આખી આત્મકથા છૂપાઈ છ. 'સુઠ્ઠુગાઇયં' એ સૂકતે મારૂં આખું જીવન પલટી નાખ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજાએ પૂછ્યું, "કઈ રીતે ?"

યુવાને પોતાની કથા કહેવા માંડી.

"રાજન્ ! એક રાજાની નજર તેના ભાઈની રૂપવંતી સ્ત્રી યશોભદ્રા ઉપર પડી. આ સ્ત્રીને જોતાં રાજા કામવિવશ બન્યો. તેને પજવવા લાગ્યો. પણ તે સ્ત્રી શિયળમાં દૃઢ હતી. તેથી રાજા ફાવ્યો નહિ. તેથી રાજાને લાગ્યું કે જ્યાં સુધી મારો ભાઈ જીવતો હશે ત્યાં સુધી તે મને વશ નહિ થાય. તેથી એક રાત્રે રાજાએ ભાઈનું ખુન કર્યું, યશોભદ્રા આ સાંભળીને નાઠી. જંગલ વટાવીને કોઈ એક ગામમાં આવી. ત્યાં એક સાધ્વીને આશરે જઈ દીક્ષા લીધી.

દીક્ષા લીધાં પહેલાં, યશોભદ્રાએ પોતે સગર્ભા છે એવી વાત નહિ કરેલ. પણ તે વાત છૂપી રહી શકી નહિ. શ્રાવકોએ અને શ્રાવિકાઓનો સહારો મળ્યો. પૂર્ણ માસે પુત્ર પ્રસવ થયો. આ પુત્રને શ્રાવકોએ ઉછેર્યો. તેનુ નામ રાખ્યું ક્ષુલ્લકકુમાર.

આઠ વર્ષની ઉંમર થતાં, ગુરુ પાસે દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ થોડાજ દિવસમાં ચરિત્રા વરણના કર્મના ઉદયથી તે ક્ષુલ્લકકુમારના હૃદયમાં વિષય વાસના જાગી. એક વખત સાધ્વીજીની પાસે આવી કહ્યું, "ગુરુણિ ! હું સંયમ નહિ પાળી શકું હું ઘર જવા માંગું છું."

માતા સાધ્વીએ કહ્યું, "ઘેર શું છે? તારી ઈચ્છા ન હોય તો પણ મારી ખાતર તું ૧૨ વર્ષ સંયમ પાળ" ક્ષુલ્લકે તે વાત કબૂલી.

બાર વર્ષ વીત્યાં પણ વૈરાગ્ય ભાવ ન જ જાગ્યું, ફરી માતા સાધ્વી પાસે જવાની રજા માગી.

સાધ્વી બોલ્યા, "ભાવિભાવ! જવું હોય તો જજે પણ મારા ગુરૂણીની રજા લઈને જજે" ક્ષુલ્લક વડેરા સાધ્વી પાસે ગયો અને કહ્યું, "મારાથી સંયમ નહિ પળાય, ૧૨ વર્ષ મેં માતાની દાક્ષિણ્યતાએ ૧૨ ભવ જેવા કાઢયા છે, હવે હું ઘેર જાઉં છું" વૃદ્ધ સાધ્વી બોલ્યાં, "તેં માતાનું વચન માન્યું મારું વચન માની બીજા તેટલા વરસ નહિ કાઢે? માતા વધી, હું નહિને ?"

ક્ષુલ્લકે નીચું મુખ રાખી કહ્યું, "આપને ખરાબ લાગતું હોય તો બીજા – આપ ખાતર ૧૨ વર્ષ વધુ રહીશ."

ફરી ૧૨ વર્ષના વ્હાણાં વાયા ને વીત્યા. હવે ક્ષુલ્લક ભર યુવાનીમાં હતો. તે વૃદ્ધ સાધ્વી પાસે આવ્યો અને કહ્યું, "હવે હું જાઉ છું. જવું ન જવું તે તારા મરજી. પણ આપણા ઉપાધ્યાય મહારાજ ભેગો થઈને જા.

ક્ષુલ્લક ઉપાધ્યાય પાસ ગયો. તે બોલ્યો, "મેં ૨૪ વર્ષનું સંયમ માતા તથા તેની ગુરુણીની દાક્ષિણ્યતાએ પાળ્યું છે. મારા હૃદયમાં વિષય વાસનાનાજ ઉછાળા હતા. અવધિ પૂરી થઈ છે. અને હું ઘરે જાઉ છું. ઉપાધ્યાયે કહ્યું, "તારી માતા અને ગુરુણી વધુ માન્ય, અમારા સંસર્ગની કોઈ કિંમત જ નહિને? અમારા ખાતર બાર વર્ષ વધુ નહિ ગાળે?

મહારાજ ! આપને મને અહિ રાખવો હોય તો બાર વર્ષ વધુ રહીશ, બાકી મારૂં મન સંયમમાં મુદ્દલ ઠરતું નથી. મારી નજર આગળ દુનિયાના રંગરાગ જ ઘૂમ્યા કરે છે."

ઉપાધ્યાય મૌન રહ્યા. ક્ષુલ્લકે કહ્યું, "ભગવંત ! બહુ સારું. હું આપના વચન ખાતર બાર વર્ષ વધુ રહીશ." ઉપાધ્યાયનો ઉપદેશ રોજ સાંભળ્યો, પણ વિષય વાસના ન સમાવી શકયો.

બાર વર્ષ અંતે તેમની પાસે રજા માગી. પણ ગચ્છ નાયકને મળી પછી જવાની સૂચના કરી. હું તેમની પાસે ગયો, તેમના આગ્રહથી વધુ બાર વર્ષ રહેવાનું કબૂલ્યું. બીજા બાર વર્ષ પણ સંયમમાં ગાળ્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ક્ષુલ્લકને લાગ્યું કે હવે કોઇની શરમ ભરવાની રહી નથી તેથી ગચ્છ નાયકને મળી. ઉપેક્ષા પૂર્વક સંમત્તિ મેળવી માતા પાસે આવ્યો. માતાને લાગ્યું કે હવે આ સંયનમાં નહિ રહે તેથી રત્નકંબલ અને તેના પિતાની નામવાળી મુદ્રા અપાવી.

ક્ષુલ્લક સૌને છેલ્લા વંદન કરીને, વિષય વાસનાનો વિચાર કરતો ઉપાશ્રયમાંથી નીકળ્યો.

રાજન્! આ ક્ષુલ્લક કુમાર તે હું. સાધ્વી યશોભદ્રા તે તમારા નાનાભાઇની પત્ની અને મારી માતા. હું ત્યાંથી છૂટી આપની પાસે આવ્યો. ત્યાં તમે બધાં નાટક જોવામાં મગ્ન હતા. તેથી હું પણ નાટક જોવા લાગ્યો. નર્તકીનું **'સુઠઠુ-ગાઇય'** પદ મારા હૃદયમાં ઉતર્યું. મને લાગ્યું કે આ પદ મારા માટે જ કહેવાયુ છે. મારી બહોત ગઈ છે અને થોડી રહી છે-સાઠ સાઠ વર્ષ મેં જિદગીનો મોટો ભાગ સંયમ પાળ્યું, હવે થોડા વર્ષ માટે તે બધું શું કામ એળે કાઢું? હવે મને તમને મળવાનો કે વિષય વાસનાની ભાવનાનો ઉમળકો રહ્યો નથી. રાજન્! હું જેમની પાસેથી આવ્યો હતો તે ગુરૂ પાસે જ જઈશ."

રાજાએ મુદ્રિકા વગેરે ક્ષુલ્લક પાસે હતું તે જોયું તે મુદ્રિકાને ઓળખી, ક્ષુલ્લકને ભેટી કહેવા લાગ્યો. "પુત્ર! એમ ન કર. આ રાજ્ય તું જ સંભાળ, મારે હવે રાજ્ય નથી જોઈતું.

(૨)

આ પછી રાજાએ કુમાર તરફ મુખ કરી પૂછયું, "પુત્ર! તેં કેમ સોનાના કુંડળ નર્તકીને આપી દીધા?" કુમાર બોલ્યા. "પિતાજી! હું ઘણા દિવસથી રાજ્યની ઝંખના કરતો હતો. સાથેજ પિતા કયારે મરે અને હું રાજા થાઉં- તેમ ઇચ્છતો હતો," આજે મેં નિશ્ચય કર્યો હતો કે કાલે કોઈ પણ બાના તળે મારે પિતાને ઝેર આપી મારી નાખવા. આજે આ નર્તકીનું 'સુઠઠુંગાઇય" સાંભળી મને થયું કે પિતાજી હવે કેટલું જીવશે? ઘણી ગઈ અને થોડી રહી. તો હું આવું કાર્ય કરી શા માટે અપયશ લઉં? પિતા મને આ વિચાર માટે પશ્ચાતાપ થયો. આ વિચાર પલટાવનાર આ સૂકત હોવાથી તે ગાનાર નર્તકીને ઉત્સાહના અતિરેકમાં કુંડળ આપ્યા."

(૩)

મંત્રિવર! આપ ડાહ્યા અને વિચક્ષણ છો છતાં તમે કેમ એકદમ કૂદી પડી મુદ્રિકા આપી? રાજાએ પૂછયું "રાજન્! આ સૂકતે જ મારૂં માનસ પલટયું. હું રાજ્યમાં આપની કૃપાથી બધી બાબતોમાં કર્તા હર્તા છું. શત્રુ રાજાએ આ વસ્તુ જાણી મને મોટી ભેટ મોકલી, ફોડવા મને લલચાવ્યો. શરૂઆતમાં હું મક્કમ રહ્યો. પણ પછી લલચાયો. આવતી કાલે શત્રુ સાથે ભળવાની તૈયારીમાં હતો. ત્યાં આ વચન સાંભળી, મારો વિચાર પલટાયો. મને થયું કે વર્ષોની કરેલી રાજસેવાને હું કદાચ બે પાંચ વર્ષ જીવું તે ખાતર શા માટે એળે કરૂં? રાજન્! આ સૂકતે મારા જીવનનો શ્વેત યશ જાળવી રાખ્યો છે. માટે પ્રસન્ન થઈ, તેને મુદ્રિકા ભેટ આપી.

(૪)

રાજાએ હાર આપનાર શેઠાણીને પૂછયું, "શ્રેષ્ઠી પુત્રિ! તમે એક લાખનો હાર ખૂશ થઈને નર્તકીને કેમ આપી દીધો?

રાજન્! મને કહેતાં શરમ આવે છે, છતાં કહું છું કે મારા પતિ બાર વર્ષથી પરદેશ છે, તેમના કાંઇ સમાચાર નથી. લક્ષ્મી અને યુવાવસ્થા બન્ને મારી પાસે હોવાથી મને લલચાવનારા ઘણાં મળે છે. છતાં હું બાર વર્ષથી શુદ્ધ રહી છું. પણ આજે મેં નિશ્ચય કર્યો હતો કે કાલે સારો પુરૂષ શોધી તેનું ઘર માંડું. પણ આજે આ પદ સાંભળતા મને થયું કે વર્ષો સુધી શીયળ પાળી, નામના મેળવી તે થોડા ખાતર શા માટે ગુમાવું?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માવત બોલ્યો, "જેવું બધાનું થયું છે. તેવું જ મારૂં થયું છે. રાજરાણી મારી સાથે દુરાચારમાં છે. તેમને અને મને આપની આડખિલી લાગતી હતી. હું આપનો આવતી કાલે નાશ કરવા તલસી રહ્યો હતો. ત્યાં આ પદે મને 'બહોત ગઈ, થોડી રહી'થી અટકાવ્યો.

રાજા, પ્રધાન, કુમાર, શ્રેષ્ઠિની અને માવત બધાય પ્રતિબોધ પામ્યાં. જે ક્ષુલ્લકકુમાર દીક્ષા છોડીને આવ્યો હતો તે આ બધાને દીક્ષા અપાવી શુદ્ધ સંયમને પાળી દેવગતિ પામ્યો.

આમ આ '**સુઠ્ઠુગાઇયં**'ના એકજ સૂકતે પાંચેના જીવન પલટયાં.

( ઉપદેશ પ્રસાદ )

**"શ્રી જૈન કથા રત્ન મંજુષા"**

# ચેતી લે તું પ્રાણીયા

## લે. પરમ પૂ૦ આ૦ બુદ્ધિસાગરજી મ૦ સા૦

ચેતી લે તું પ્રાણીયા, આવ્યો અવસર જાય;
સ્વારથિયા સંસારમાં, હેતે શું હરખાય ? (ચેતી૦)

જન્મ જરા મરણાદિ કે સાચો નહિ સ્થિર વાસ;
આધિ વ્યાધિ ઉપાધિથી, ભવમાં નહિ સુખ આશ. (ચેતી૦)

રામા રૂપમાં રાચીને, જોયું નહિ નિજ રૂપ;
ફોગટ દુનિયા ફંદમાં, સહતો વસમી ધુપ. (ચેતી૦)

માત પિતા ભાઇ દિકરા, દારાદિક પરિવાર;
મરતાં સાથ ન આવશે, મિથ્યા સહુ સંસાર. (ચેતી૦)

ચિન્તામણિ સમ દોહિલો, પામ્યો મનુ અવતાર;
અવસર આવે નહિ મળે, તાર આતમ તાર. (ચેતી૦)

જેવી સંધ્યા વાદળી, ક્ષણમાં વિણસી જાય;
કાચો કુંભ કાયા કારમી, દેખી શું હરખાય. (ચેતી૦)

માયા મમતા પરહરી, ભજો શ્રી ભગવાન;
કરવું હોય તે કીજીએ, તપ, જપ, પૂજા દાન. (ચેતી૦)

કોઇક ઘાલ્યા ઘોરમાં, બાળ્યાં કોઈ મસાણ;
આંખ મીંચીએ શુન્યમાં, પડતો રહેરો પ્રાણ. (ચેતી૦)

વૈરાગ્યે મન વાળીને, ચાલો શિવપુર પાટ;
'**બુદ્ધિસાગર**' મોડજો, ધર્મ રત્નનું હાટ.
ચેતી લે તું પ્રાણીયા આવ્યો અવસર જાય.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સાહિત્ય સમારોહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ ખંભાતના સંયુક્ત ઉપક્રમે **છઠ્ઠો જૈન સાહિત્ય સમારોહ, શુક્રવાર, શનિવાર અને રવિવાર અનુક્રમે તા. ૧૫, ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી, ૧૯૮૫ના રોજ ખંભાત ખાતે યોજાશે.**

આ સમારોહમાં જૈન ધર્મ, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ; કલા, સ્થાપત્ય, શિલ્પ, સાહિત્ય ઈત્યાદિના કોઈપણ વિષય ઉપર વિદ્વાનો **અભ્યાસ-સંશોધન લેખ મોડામાં મોડો તા. ૧૫-૧-૮૫ સુધીમાં** શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ઓગસ્ટ ક્રાંતિ માર્ગ, ( ગોવાલિયા ટેન્ક ) મુંબઈ નં. ૪૦૦૦૩૬ ને સરનામે મોકલી આપે તેવી વિનંતી છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થાપક સમિતિએ **અગાઉના પાંચેય જૈન સાહિત્ય સમારોહમાં આવેલા નિબંધોનું આ પ્રસંગે પ્રકાશન કરવાનો નિર્ણય લીધો છે.**

o—o

## અવધૂ ! સુતા કયા ઇસ મઠમેં........

લે. યોગીશ્વર ચિદાનંદજી

ઇસ મઠકા હૈ કવન ભરોસા, પડ જાવે ચટપટમેં;
છિનમેં તાતા છિનમેં શીતલ, રોગ સોગ બહુ મઠમેં.
અવધૂ ! સુતા કયા ઇસ મઠમેં...

પાની કિનારે મઠકા વાસા, કવન વિશ્વાસ એ તટમેં;
સૂતા સૂતા કાલ ગમાયો, અજ હું ન જાગ્યો તું ઘટમેં,
અવધૂ ! સુતા કયા ઇસ મઠમેં...

ધરટી ફેરી આટો ખાયો, ખરચી ન બાંધી વાટમેં;
ઇતની સુની નિધિ ચરિત્ર મિલકર, જ્ઞાનાનંદ આએ ઘટમેં
અવધૂ ! સુતા કયા ઇસ મઠમેં...

હે જીવાત્મન્ ! અનાદિ કાળના આ સંસારમાં વિવિધ કર્મોદયાનુસાર પરિભ્રમણ કરતાં તેં બધા જીવોની સાથે અનુક્રમે બધાજ સંબંધો કર્યા છે" એમ શ્રી જિનેશ્વર પરમાત્મા કહે છે. તેથી આ વિશ્વમાં રહેતાં બધાજ જીવો ત્હારા કુટુંબીજન જ કહેવાય ને ! वसुधैव "कुटुम्बकम"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સ્તવન

સાહિબા ! સુમતિ જિણંદા, ટાળો ભવ ભવ મુજ ફંદા;
તુજ દરિસણ અતિ આનંદા, તું સમતા રસના કંદા.... ૧

સુમતિ સુમતિ જબ આવે, તબ કુમતિનો દાવ ન ફાવે;
તુજ સરૂપ જબ ધ્યાવે, તબ આતમ અનુભવ પાવે.... ૨

તું હી જ છે આપ અરૂપી, ધ્યાયે કબહુ ભેદે રૂપી;
સહેજ વળી સિદ્ધ સ્વરૂપી, ઈમ જોતાં તું બહુરૂપી.... ૩

ઇમ અલગો વિલગો હોવે, કિમ મૂઢમતિ ! તું જોવે ?
જે અનુભવ રૂપે જોવે, તો મોહ તિમિરને ખોવે.... ૪

લે. **પરમ પૂ૦ આ૦ શ્રી જ્ઞાનવિમલસૂરિજી**

# ભવ વૈરાગ્ય શતક

અનંત સુખ છે મોક્ષમાં, નહિ તેનો આદર કરે;
**દુઃખ આપનાર પદાર્થમાં** મૂરખ જનોના દિલ ઠરે.
અનાદિ કાળથી રખડતા, બાહ્ય ભાવમાં અંતર ફરે;
મમત્વ ત્યાગી મોક્ષમાં, આદર કરે તેઓ તરે.
જકડાયેલાં સ્નેહ બંધને, અસાર આ સંસારમાં,
સહે દુઃખ પારાવાર, વારંવાર નાવે ધ્યાનમાં.

હે જીવ ! એ તજી રાગ બંધન, ત્યાગવા ઉદ્યમ કરે,
દુઃખમય એહ સંસારથી, જ્ઞાની જીવો એવા તરે.

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only